ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0




મહાશિવરાત્રીનો મહામેળો - પંચદેવના પ્રાંગણમાં પરંપરાગત મહાશિવરાત્રીનો મહામેળો યોજાયો હતો... ગાંધીનગર અને આસપાસના વિસ્તોરમાંથી ભાવિકો મહાશિવરાત્રીના પાવન પર્વે ભગવાન શીવના દર્શન કરવા ઉમટ્યા હતા... મેળો ભારતીય સંસ્કૃતિમાં વણાયેલો છે... જ્યાં નાત, જાત, ઉંચ-નીચના ભેદભાવ ભુલી સૌ મેળાને મ્હાલે છે...

# ગાંધીનગરમાં ઠંડીનુ મોજુ : વિદાય લેતો શિયાળો આક્રમક બન્યો

**લઘુત્તમ તાપમાન સપ્તાહમાં ૬ ડિગ્રી ગગડયુ : મહત્તમ તાપમાનમાં પણ બે ડીગ્રીની ગિરાવટ : નગરજનો ફરી ગરમ કપડામાં લપેટાયા ઉત્તર ભારતમાં હીમ વર્ષાના લીધે ઠંડીનો ચમકારો**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં મોસમનો મિજાજ બદલાયો છે. ગત સપ્તાહ દરમિયાન ગરમી અનુભવતા નગરજનો હાલ નાટયાત્મક હવામાન પલ્ટા વચ્ચે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. ઉત્તર ભારતમાં હીમવર્ષના લીધે ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે.

છેલ્લા એક સપ્તાહમાં ઠંડીનો પારો ૬ ડી ગ્રી ગગડયો છે. અલબત્ત લઘુત્તમ તાપમાન ૧૮ ડી ગ્રી એથી ૧૨ ડી ગ્રી એ પહોંચી જતા નગરજનો ફરી ઠંડીની આહોશમા આવી ગયા છે. જયારે મહત્તમ તાપમાન પણ બે ડી ડી ગ્રી ઘટયુ છે. વાતાવરણમાં અચાનક બદલાવ આવતા શહેરી જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે.

શિયાળાની મોસમમાં ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે મોસમના હાલચાલમાં સતત બદલાવ જોવા મળી રહયો છે. ગત મહીના દરમિયાન સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી અનુભવ્યા બાદ ક્રમશ : ઠંડીમાં

● અનુસંધાન પાન-૭ પર

# સરકારી બાબુઓ રવિશંકર મહારાજને ભુલી ગયા

**જન્મદિવસે પ્રતિમાની સફાઇ પણ નહીં...!!**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાંથી સમગ્ર રાજયના વહીવટનો દોરી સંચાર થાય છે. આમછતા ઘણીવાર દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ જોવા મળે છે. નગરમાં કાર્યરત સેવા સંસ્થાઓ કયારેક સરકારને દિશાસુચન કરે તેવા ઉમદા કાર્યો કરીને સમાજને નવી રાહ ચિંધે છે. પરંતુ આરંભે સુરા સરકારી તંત્રમાં નવી યોજનાઓ માટે ઉત્સુકતા હોય છે.પણ નિભાવણીના મામલે મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. સેકટરોમાં ડગલે ને પગલે જોવા મળતી સમસ્યાઓ પૈકી મોટાભાગની જાળવણીના અભાવે ઉભી થઇ છે. જાળવણીનો મુદ્દો સતત વિસરાતો જાય છે. ત્યારે મહાનુભાવોના આદર્શો પણ વિસરાઇ ગયા છે. પુ રવિશંકર મહારાજના જન્મદિવસને પણ

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોના એપ્રોચ માર્ગને ફોરલેન બનાવાની યોજના અભેરાઇએ

**આંતરિક માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો પરંતુ એપ્રોચ માર્ગને ફોરલેન બનાવાની યોજના વિસરાઇ**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહયુ છે. સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પુર્ણતાના આરે છે. ત્યારે સેકટરોના એપ્રોચને ફોરલેન બનાવાની યોજના વિસરાઇ છે. અગાઉ સેકટરોના એપ્રોચ માર્ગને ફોરલેન બનાવવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ પાંચ વર્ષના અંતે પણ આ દરખાસ્ત અન્વયે કોઇ નિર્ણય લેવાયો નથી.

શહેરના સેકટરોમાં માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. અગાઉ પાંચ વર્ષ પુર્વે સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાયુ હતુ. પરંતુ નિયત સમય વિતી ગયા બાદ પણ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં વિલંબ થતા સેકટરોના આંતરિક માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગોની સલામતી પણ જોખમાઇ હતી. વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગો તદન કંગાળ હાલતમાં જોવા મળી રહયા હતા. આખરે તંત્ર દ્વારા માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયા બાદ સેકટરોમાં મોટાભાગના રસ્તાઓ ચકાચક જોવા મળી રહયા

● અનુસંધાન પાન-૭ પર

# ૧૪માં નાણાં પંચ અંતર્ગત જિલ્લાને ત્રણ વર્ષમાં રૂ. ૭૭ કરોડની ફાળવણી

**આ ગ્રાન્ટમાંથી ૧૩૮૩ વિકાસ કામો પૂર્ણ થયા : સૌથી વધુ કામો રોડ-ફૂટપાથના તો સેનીટેશનના કામો બીજા ક્રમે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ૧૪માં નાણાંપંચ અંતર્ગત મળેલ ગ્રાન્ટમાંથી છેલ્લા ત્રણ વર્ષમાં ૧૩૮૩ જેટલા વિકાસ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રૂ. ૭૭ કરોડની ફાળવણી ૧૪મા નાણાંપંચ દ્વારા કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ૨૦૧૫-૧૬માં રૂ. ૧૬,૨૫,૩૭,૨૮૬ની ફાળવણી થઈ હતી. આ પછી ૨૦૧૬-૧૭માં પરફોમન્સ ગ્રાન્ટ સાથે રૂ. ૩૮,૪૧,૮૮,૬૪૦ની ફાળવણી થઈ હતી. ૨૦૧૬-૧૭માં જિલ્લાને રૂ. ૩ કરોડ ૧૯ લાખની પરફોમન્સ ગ્રાન્ટ મળી હતી.

૨૦૧૭-૧૮માં પ્રથમ હપ્તા પેટે ૧૪,૯૯,૬૦,૩૦૦ રૂ. મળ્યા હતા જ્યારે બીજા હપ્તા પેટે રૂ. ૧૫ કરોડ ૧૮ લાખ મળ્યા છે. આ બીજા હપ્તાની ગ્રાન્ટની ફાળવણી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જે ૧૩૮૩ કામો વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં સૂચવાયા હતા તે પૂરા કરાયા છે. જેમાં ૫૫૩ કામો

● અનુસંધાન પાન-૭ પર




## બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **મનુભાઈ દયાળજી દેસાઈ (સ્વાતંત્ર્ય સેનાની)**નું તા. ૮/૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૫/૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ગુજરાત નગરપાલિકા પરિષદ ભવન, બહુમાળી ભવનની પાછળ, ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટની પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

હાર્દિક પંકજકુમાર દેસાઈ (પૌત્ર)
ચારૂલ હાર્દિક દેસાઈ (પૌત્રવધૂ)
અબીર હાર્દિક દેસાઈ (પ્રપૌત્ર)
પંકજકુમાર મનુભાઈ દેસાઈ (પુત્ર)
(ગુ.રા.ગ્રામ વિકાસ નિગમ લિ.-નિવૃત્ત)
નયનાબેન પંકજકુમાર દેસાઈ (પુત્રવધૂ)
(સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ - નિવૃત્ત)

**રહેઠાણ : ૯૧, સર્વોદયનગર, સેક્ટર-૩૦, ગાંધીનગર**


# સ્વભંડોળમાંથી છ પ્રા.આ. કેન્દ્રોના લેબર રૂમોના અપગ્રેડેશન માટે ૧૦ લાખ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા પ્રા.આ. કેન્દ્રોમાં પ્રસુતિ માટે લેબરરૂમના અપગ્રેડેશન પાછળ રૂ. દસ લાખનો માતબર ખર્ચ સ્વભંડોળમાંથી કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સરકારી સંસ્થાઓમાં સંસ્થાકીય પ્રસુતિઓની સંખ્યામાં વૃદ્ધિ થાય તે માટે પંચાયત દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**રૂપાલ, સોજા, વરસોડા, પુંધરા, હાજીપુર અને સુઘડમાં લેબરરૂમ એટેચ બાથરૂમની સુવિધાથી સજ્જ કરાશે**

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના છ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લેબરરૂમ એટેચ બાથરૂમની સુવિધા તાજેતરમાં કરાયેલ સર્વેક્ષણમાં જણાઈ ન હતી. આ પછી વિભાગે આ અંગેની દરખાસ્ત રજુ કરી હતી જેમાં આ સુવિધાની કામગીરી પી.આઈ.યુ.ને

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભાના પ્રથમ સત્રમાં અંદાજપત્ર અને રાજ્યસભાનો ચૂંટણીજંગ છવાશે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં અંદાજપત્ર કરતાં રાજ્યસભાની ચૂંટણી વધુ છવાયેલી રહેશે.

૧૩મી વિધાનસભાના અંતિમ સત્રમાં પણ રાજ્યસભાની ચૂંટણી હતી તો ૧૪મી વિધાનસભાના પ્રથમ સત્રમાં પણ રાજ્યસભાની ચૂંટણી છવાયેલી રહેશે જે એક યોગાનુયોગ છે.

રાજ્યસભાની ખાલી પડતી ૪ બેઠકો માટેના આ ચૂંટણી જંગનું કાઉન્ટડાઉન હજુ શરૂ થયુ નથી પણ રાજકીય વર્તુળોમાં તેણે ચર્ચાનું સ્થાન જરૂર લીધુ છે. સત્તાધારી ભાજપ દ્વારા આ વખતે આ ચૂંટણીમાં ઉત્તર ગુજરાતમાંથી કોઈની પસંદગી કરવામાં આવે છે કે કેમ ? શહેરી વિસ્તારોમાંથી મળેલી ભારે સફળતા પછી શહેરી વિસ્તારોમાંથી ઉમેદવારની પસંદગીને અગ્રતા અપાય છે કે કેમ ? જેવા અણિયાળા સવાલો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર






# ગુજરાત બાર કાઉન્સિલની ચુંટણીમાં વકીલ કરણસિંહ વાઘેલાએ ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર તા ૧૩

બાર કાઉન્સીલ ઓફ ગુજરાત -૨૦૧૮ ની ચુંટણી આગામી તા ૨૮ માર્ચના રોજ યોજવામાં આવશે. જયારે આ ચુંટણી અન્વયે તા ૧૫ માર્ચ સુધીમાં પોતાના ઉમેદવારીપત્ર ભરી દેવાની સમય મર્યાદા નિયત કરવામાં આવી છે. બાર કાઉન્સીલની ચુંટણીને અનુલક્ષી જાણીતા વકીલ તેમજ બાર કાઉન્સિલના પુર્વ સભ્ય કરણસિંહ વાઘેલાએ ગુજરાત હાઈકોર્ટ સોલા ખાતે ઉમેદવારી પત્ર ભરીને ઉમેદવારી નોંધાવી છે. આ દરમિયાન કરણસિંહ સાથે તેમના ટેકેદાર વકીલો પણ હાજર રહયા હતા. આ તબક્કે કરણસિંહ વાઘેલાએ જણાંવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધીના પાંચ વર્ષમાં એક જાગૃત સભ્ય તરીકે વકીલોની વચ્ચે રહી બાર કાઉન્સિલના ભાડા ભથ્થા લીધા સિવાય સ્વ ખર્ચે નિસ્વાર્થ ભાવે સેવા બજાવી છે. જયારે તેમનો ગાંધીનગર , અમદાવાદ સહીત સમગ્ર ગુજરાતના તમામ બાર એસોસિએશનનો સારો પ્રતિસાદ અને આવકાર મળી રહયો છે.

## શારદાબેન પોપટલાલ પટેલનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા.૧૩

પૂર્વ ધારાસભ્ય અને ગાંધીનગર કોંગ્રેસના અગ્રણી તેમજ નાગરિક બેંકના પૂર્વ ડિરેક્ટર પોપટલાલ પટેલના ધર્મપત્ની શારદાબેનનું આજે મોડીસાંજે દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થની અંતિમયાત્રા સેકટર-૨/ડીના તેમના નિવાસસ્થાન ૧૦૮૭ ખાતેથી નીકળશે. સ્વ. શારદાબેન અત્યંત મિલનસાર સ્વભાવથી જાણીતા હતા. ખૂબ જ માયાળુ વ્યક્તિત્વ ધરાવતા સ્વ. શારદાબેન છેલ્લા થોડાક સમયથી બિમાર હતા.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com